## વડીલોને વંદન અભિનંદન



જેઠાલાલ એચ. વરૂ
(૧૯૪૧)ફોનઃ૨૩૨૨૨૫૧૪



કમળાબેન ડી. ગાંધી
(૧૯૩૨)ફોનઃ૨૩૨૪૬૫૪૮



ગણપતલાલ આઈ. સુથાર
(૧૯૩૫)ફોનઃ૨૩૨૪૯૧૨૭



જયંતિલાલ મગનલાલ પરમાર
(૧૯૪૪)ફોનઃ૨૩૨૨૬૭૪૫

### ધોરણ-૧૦-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે રજા હશે

અમદાવાદ, તા.૧૮

બોર્ડની પરીક્ષામાં આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં બે પેપર લેવામાં આવશે. જેમાં સવારે ૧૦:૩૦થી ૧:૪૫ કલાક દરમ્યાન વાણિજ્ય વ્યવહારનું પેપર લેવામાં આવશે જ્યારે બપોરે ૩:૦૦ થી ૬:૧૫ કલાક દરમ્યાન ભૂગોળ વિષયની પરીક્ષા લેવામાં આવશે. બીજી બાજુ ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આવતીકાલે રજા રહેશે.

# કોંગ્રેસની ત્રીજી યાદી જાહેર

## કલમાડી આઉટ : યાદીમાં સચિન પાયલોટ, સીપી જોશી, સિબ્બલનો સમાવેશ : ત્રીજી યાદીની સાથે જ કોંગ્રેસે ૩૨૩ ઉમેદવારો જાહેર કર્યા છે : ગુજરાતમાંથી પણ અનેક ઉમેદવારોના નામ જાહેર : ખેડાથી દિનશા પટેલ મેદાનમાં રહેશે

નવીદિલ્હી, તા.૧૮

કોંગ્રેસે આજે લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી હતી. કેન્દ્રિય પ્રધાન કપિલ સિબ્બલ દિલ્હીમાંથી ચાંદની ચોકથી ચૂંટણી લડશે. કોંગ્રેસે આજે ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ હજુ સુધી ૩૨૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરવામાં આવી ચુક્યા છે. પ્રથમ યાદીમાં જાહેર કરવામાં આવેલા ૧૯૪ ઉમેદવારો પૈકી ચારમાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જાણીતા ઉમેદવારોને પણ ટિકિટ આપવામાં આવી છે. ત્રીજી યાદીમાં રહેલા સભ્યોમાં એઆઈસીસીના જનરલ સેક્રેટરી અને ઈન્ચાર્જ કોમ્યુનિકેશન વિભાગ અજય માકન નવી દિલ્હી બેઠક પરથી ચૂંટણી લડશે. જ્યારે પ્રતાપસિંહ બાજવા ગુરુદાસપુરમાંથી ચૂંટણી લડશે. સચિન પાયલોટને અજમેરમાંથી ટિકિટ આપવામાં આવી છે. આદિવાસી નેતા અને છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અજીત જોગી મહાસમુંદમાંથી ચૂંટણી લડશે. પીઢ કોંગ્રેસી નેતા સીપી જોશી જયપુર ગ્રામીણમાંથી ચૂંટણી લડશે. ક્રિષ્ણા તિરથને ઉત્તર પશ્ચિમ દિલ્હીમાંથી ચૂંટણી મેદાનમાંથી ઉતારવાનો નિર્ણય કરાયો છે. ગયા સપ્તાહમાં કોંગ્રેસે તેની બીજી ઉમેદવારોની યાદી જાહેર કરી હતી જેમાં રિટા બહુગુણા જોશી, રાજ બબ્બર અને નગ્માનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ રેલવેપ્રધાન પવનકુમાર બંસલને ચંદીગઢમાંથી ટિકિટ આપવામાં આવી છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને કેપ્ટન અઝહરુદ્દીનને રાજસ્થાનના ટોંકના સવાઈમાધોપુરમાંથી ટિકિટ આપવામાં આવી છે. હાલમાં જ કોંગ્રેસમાં સામેલ થયેલા જેડીએસના ભૂતપૂર્વ નેતા નારાયણ સ્વામીને બેંગ્લોર નોર્થમાંથી ટિકિટ આપવામાં આવી છે. આજે ૫૮ લોકસભા બેઠક માટે ઉમેદવારોના નામ જાહેર કરાયા હતા. ગુજરાતમાંથી પણ વડોદરા, જુનાગઢ, બનાસકાંઠા, પંચમહાલ, મહેસાણા, કચ્છ, ખેડા અને અમદાવાદ પશ્ચિમ બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરાઈ હતી. ગુજરાતની આઠ બેઠકો ઉપર આજે ઉમેદવારો જાહેર થયા હતા.

## ધ્વજ અને બેનર્સ ખાનગી કે જાહેર મિલ્કતો પર મુકવાની પરવાનગી જરૂરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪નું મતદાન તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ થનાર છે. લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ધ્વજ, બેનર્સ જેવી અન્ય જાહેરાતની સાધન સામગ્રી ખાનગી મકાનો-મિલ્કતો પર મુકવા માટે જે તે મકાન-મિલ્કતના માલિકની અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવવાની રહેશે. તેમજ સરકારી મિલકત (સિવિલ મકાન સહિત)ની દિવાલ પર તથા જાહેર સ્થળોએ લખાણ લખી શકશે નહિ તથા પોસ્ટર -કાગળ ચોંટાવા પર -તિબંધ ફરમાવતો હુકમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી એમ.ડી.મોડિયાએ એક જાહેરનામું બહાર પાડી કર્યો છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગરે જાહેરનામામાં જણાવ્યું છે કે, અલ્પકાલીન અને સરળતાથી ફરેવી શકાય તેવી જાહેરાતની સાધન સામગ્રી જેવી કે, ધ્વજ, બેનર્સ વગેરે ખાનગી મકાનો/મિલકતો પર મુકવા માટે જે તે મકાન-મિલ્કતના માલિકની અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવેલી હોવી જોઈએ અને તે પરવાનગી કોઈ દબાણ, ધમકી અને બળજબરીથી લીધેલ હોવી જોઈએ નહી. આવા બેનર્સ અથવા ધ્વજ બીજાઓ માટે ઉપદ્રવ રૂપ ન હોવા જોઈએ. તેમજ રાહદારીઓ, વાહનચાલકો વગેરે અકસ્માતનો ભોગ ન બને તેવી જગ્યાએ જ -દર્શિત કરાવી શકાશે. વધુમાં જણાવ્યું છે કે, આ સંબંધે લેખિતમાં મેળવેલી સ્વૈચ્છીક પરવાનગીની ફોટોકોપી નિયત મંજૂર કરેલ નમૂનામાં ભરી ત્રણ દિવસની અંદર સબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને રજુ કરવાના રહેશે. આવી બાબતમાં આ હેતુ માટે કરેલ અથવા કરાવાના થતા ખર્ચ સાથે જેની પાસેથી પરવાનગી મેળવી હોય તે મિલકતના માલિકનું નામ અને સરનામું સ્પષ્ટ પણે દર્શાવવાનું રહેશે. દિવાલ પર લખાણ કરી શકાશે નહી. પોષ્ટર ચોટાડી શકાશે નહી. અને આના જેવા જ અન્ય કાયમી/હંગામી નુકશાન જે સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવું કરી શકાશે નહી. કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકરો, સર્મથક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યક્તિઓ કોઈપણ સરકારી મિલકત(સિવિલ મકાન સહિત)ની દિવાલ પર તથા જાહેર સ્થળો લખાણ લખી શકશે નહી. રોડ, રસ્તા પર પણ આવા કોઈ લખાણો કરી શકાશે નહી અથવા પોસ્ટર-કાગળો ચોટાડવા કે કોઈપણ રીતે બગાડી શકાશે નહી અથવા જાહેરાતના પૂંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી નિદર્શન કરી શકાશે નહી. આ હેતુ માટે સરકારી મકાન-જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેનું -ંગણ જેમાં કચેરી મકાન આવેલ હોય તેમજ અગત્યની સુચનાઓ અને રસ્તાઓને દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, લોકોને ચેતવણી આપતા બોર્ડનો સમાવેશ થશે. આ -તિબંધ લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૪ની સમગ્ર ચૂંટણી -ક્રિયા પુરી થયા તા. ૨૮મી મે, ૨૦૧૪ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

## ગુજરાતમાં પેટાચૂંટણીમાં લડવાનો એએપીનો નિર્ણય

### કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થતાં બેઠક ખાલી :વિધાનસભાની ખાલી પડેલી સાતેય બેઠકો ઉપર પોતાના ઉમેદવાર ઉભા રાખવાનો નિર્ણય : ચૂંટણી રોચક બનશે

અમદાવાદ, તા.૧૮

આગામી લોકસભાની સાથોસાથ યોજાનારી વિધાનસભાની પેટા ચૂંટણીઓમાં પણ ઝંપલાવવાનો આમ આદમી પાર્ટીના ગુજરાત એકમે નિર્ણય કર્યો છે. વિધાનસભાની જે સાત બેઠકો ખાલી લડી છે તે તમામ બેઠકો ઉપર આમ આદમી પાર્ટી અન્ય પક્ષોને ટક્કર આપશે. કચ્છ જિલ્લાની રાપર, અબડાસા, અમરેલી જિલ્લાની લાઠી, જૂનાગઢ જિલ્લાની વિસાવદર, સોમનાથ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર અને સુરત જિલ્લાની માંડવી બેઠક પર આ પેટા ચૂંટણીઓ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આમાની મોટા ભાગની બેઠકો કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા આગેવાનોને કારણે ખાલી થયેલી છે જ્યારે વિસાવદર બેઠક ભાજપના વયોવૃદ્ધ નેતા કેશુભાઈ પટેલે ખાલી કરેલી છે.

વિસાવવદરની આ એજ બેઠક છે કે ગઈ વિધાનસભા ચૂંટણીમાં તેઓ જીપીપી તરફથી લડ્યા હતા અને સરળ જીત મેળવવા માટે કોંગ્રેસના ઉમેદવારનો મેન્ડેટ આંચકી લેવામાં આવ્યો હતો. પરિણામે કોઈ મજબૂત હરીફ વગરની આ સીટ કેશુભાઈ જીતી શક્યા હતા. આ સિવાયની અન્ય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો ભાજપના ભરતી મેળામાં જોડાઈ જવાથી ખાલી પડી છે. આમ આદમી પાર્ટી આ તમામ તથ્યોને ઉજાગર કરીને પોતાના મતદારો પ્રત્યે દ્રોહ કરનારા તક સુધાઓને વિધાનસભામાં જતા અટકાવશે અને ગુજરાતની જનતાને મૂર્ખ બનાવનારા આ રાજકારણીઓને ચૂંટણીમાં સબક શિખવાડશે. આમ આદમી પાર્ટીએ ઓપન કેટેગરીની બનાસકાંઠા લોકસભાની સીટ પર એક દલિત ઉમેદવારને ઉતારીને, જ્ઞાતિ જાતિના સમીકરણો તોડીને રાજકારણના શુદ્ધિકરણની શરૂઆત કરી દીધી છે. એજ રીતે આમ આદમી પાર્ટી સૌ પ્રથમ વખત ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ લડીને રાજકારણના શુદ્ધિકરણની આ પ્રક્રિયાને આગળ ધપાવશે તેમ એએપીની યાદી જણાવે છે.

### રંગનો 'શોખ'

● અનુસંધાન પહેલાનું ચાલુ

રઝળતી હતી અંતે અડાલજ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. તે ઉપરાંત ગઈકાલે કરાઈ નદીમાં જ ન્હાવા પડેલો ચાંદખેડાનો ૧૮ વર્ષનો યુવાન ધવલ મયુરભાઈ ગુર્જર ડુબી ગયો હતો. અમદાવાદ ફાયરબ્રિગેડને આજે શોધખોળ બાદ મૃતદેહ નદીમાંથી મળી આવ્યો હતો. નરોડા પોલીસે ડુબી જવાથી મોતને ભેટેલા આ યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી કાયદેસરની કાર્યવાહી કરી હતી. કરાઈ વિસ્તારની નદીમાં પાંચ યુવાનો ડુબ્યા હતા. જે પૈકી ઉપરોક્ત ત્રણના મૃત્યુ થયા હતા. જ્યારે બે ના આબાદ બચાવ થયા હતા.

ગાંધીનગરના છેવાડે આવેલા અંબોડ ગામમાંથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા પડેલા માણસાના પરબતપુરા ગામના ત્રણ યુવાનમિત્રો પણ નદીમાં ડુબી ગયા હોવાની ઘટના બની હતી જો કે તે પૈકી બે યુવાનોને તો આસપાસમાં ન્હાવા પડેલા યુવાનોએ બચાવી લીધા હતા. પરંતુ પરબતપુરાના ૨૫ વર્ષિય મોન્ટુજી કાળાજી ઠાકોર ગરકાવ થઈ જતા તેને બચાવી શકાયો ન હતો. સાબરમતી નદીમાં ડુબી જવાથી મૃત્યુ થતા પ્રાંતિજ પોલીસ અને માણસા પોલીસ વચ્ચે હદની બબાલ થઈ હતી. અંતે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી હતી. ધુળેટીમાં નદીમાં ડુબી જવાથી ચાર યુવાનોના મૃત્યુ થયા હતા.

### પ્રતિજ્ઞા લેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આયોજન પણ વિચારણા હેઠળ છે. આ ઉપરાંત લોકોની અવરજવર વધારે હોય તેવા સ્થાનો પર મતદાર જાગૃતિના વિશેષ હોર્ડિંગ્સ લગાવવામાં પણ આવનાર છે. ગાંધીનગર જિલ્લો ત્રણ લોકસભા મત વિસ્તારમાં વિભાજીત થતો હોવાથી મતદાર જાગૃતિ અભિયાન વધુ સઘુન બનશે તેમ મનાઈ રહ્યું છે. મતદાર જાગૃતિ માટે ચૂંટણી પંચે પણ વિશેષ મહત્વ આપ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગત લોકસભાની ચૂંટણીમાં જિલ્લામાં ૫૦ ટકા જેટલુ સરેરાશ મતદાન થયુ હતુ. આ વખતે આ ટકાવારીમાં વધારો થાય તેવું તંત્રના અંતરંગ વર્તુળો માની રહ્યા છે. મતદારોને મતદાર સ્લીપનું પણ વિતરણ કરવામાં આવનાર છે જે મતદાર જાગૃતિ અભિયાનનો જ એક ભાગ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ મતદાર સ્લીપ એ ફોટો ઓળખકાર્ડની ગરજ સારશે. વિધાનસભાની ચૂંટણીમાં ૬૫ ટકાથી પણ વધુ મતદારોએ આ સ્લીપ ઓળખ તરીકે રજુ કરી હતી જે ઉલ્લેખનીય છે. મતદાર જાગૃતિ માટે પંચે આ વખતે સોશ્યલ મિડિયા તેમજ એસ.એમ.એસ. સેવાનો પણ ઉપીયોગ કરવાનો નિર્ણય લીધેલ છે અને તે શરૂ પણ કરી દેવામાં આવેલ છે.

### રાજકીય સસ્પેન્શ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રસારિત થતાં જ પાટનગરના રાજકીય વર્તુળોમાં હવે શ્રી અડવાણી ગાંધીનગરથી લડશે કે ભોપાલથી ? તેને લઈ અટકળોનો દોર ચર્ચામાં પરિણમ્યો હતો. શ્રી લાલકૃષ્ણ અડવાણી સંસદમાં ગાંધીનગરનું પ્રતિનિધિત્વ પાંચ ટર્મથી કરી રહ્યા છે. તેઓ ભારતના નાયબ વડાપ્રધાન પણ રહી ચુક્યા છે.

આજે દિલ્હીમાં ભાજપની ચૂંટણી સમિતિની મહત્વની બેઠક મળવાની છે તેમાં અડવાણીની ઉમેદવારી અંગે આખરી નિર્ણય થશે. જો કે હાલ તો રાજકીય વર્તુળોમાં આને લઈ અટકળો ચાલી રહી છે. અગાઉ ભાજપના સાંસદ શ્રી કૈલાસ જોષીએ અડવાણી માટે ભોપાલની બેઠક ખાલી કરવાની તૈયારી દર્શાવ્યાના અહેવાલો અખબારોમાં ચમકી ચુક્યા છે.

### પર્વની ઉજવણીમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નઝારો સર્જાતા રંગરસીયાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સેક્ટરો તેમજ પબ્લીક પ્લેસ ઉપરાંત પાર્ટીપ્લોટો તેમજ ફાર્મહાઉસમાં પણ ધુળેટીના પર્વને વધાવવા નવતર આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ફોસિટી કલબ રીસોર્ટ તેમજ સરગાસણના એક પાર્ટીપ્લોટ સહીતના સ્થળોએ રંગોત્સવની ઉજવણીમાં રંગોની સાથે ડી.જે તાલ સાથે રેઈન ડાન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. વાવોલમાં પણ ધુળેટીના પર્વને લઈ અનોખી અને પારિવારીક ઉજવણી કરવામાં આવી હતી. બાળકોથી લઈ મોટેરાઓએ પાણી અને ગુલાલ સાથે નિર્દોષ આનંદ લીધો હતો. ફનવર્લ્ડમાં પણ રંગોત્સવની ઉજવણી અન્વયે ગુજરાતી ગીતો તેમજ હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ગુજરાતની ૨૬ બેઠકનો ચૂંટણી જંગ એક હજાર કરોડમાં પડશે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં એક હજાર કરોડ કરતાં વધુ રકમનો ખર્ચ થવાની ધારણા રાખવામાં આવે છે. ગઈ ચૂંટણીમાં આ આંકડો ૭૦૦ કરોડની આસપાસ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ ખર્ચ મુખ્ય બે પાર્ટીઓ તેમજ અન્ય મજબૂત ઉમેદવારો તરફથી થઈ શકે છે. ચૂંટણી પંચની દેખરેખ છતાં નિયમોમાં છટકબારીના કારણે આ ખર્ચ તેની મર્યાદા વટાવી જાય છે. પંચે ઉમેદવારને ખર્ચ કરવાની મર્યાદા તો બાંધી છે પરંતુ પાર્ટી ઉપર ખર્ચનું કોઈ બંધન નથી, તેથી મોટા ભાગનો ખર્ચ પાર્ટીમાં આવે છે. બીજી તરફ મતદારોને આકર્ષવા માટે ખાનગીમાં કેટલોક ખર્ચ કરવામાં આવતો હોય છે પણ તેની ગણતરી શક્ય નથી...

સત્તાવાર આંકડા જોઈએ તો ગુજરાતની ૨૬ બેઠકોની ચૂંટણી યોજવા માટે ભારતનું ચૂંટણી પંચ ૧૯૮ કરોડનો ખર્ચ કરશે જે ૨૦૦૯?? ચૂંટણીની સરખામણીએ ૬૫ ટકા વધારે છે. ૨૦૧૨??? યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પંચને ૧૫૦ કરોડનો ખર્ચ થયો હતો જે ૨૦૦૭??? ૧૦૩ કરોડ હતો. ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા વધારીને ૭૦ લાખ કરવામાં આવી છે તે જોતાં કોંગ્રેસના ૨૬ ઉમેદવારો ૧૮.૨૦ કરોડ અને ભાજપના ૨૬ ઉમેદવારો ૧૮.૨૦ કરોડનો ખર્ચ કરી શકે છે. અન્ય પાર્ટીઓ તેમજ અપક્ષો સહિત ચૂંટણી -ક્રિયામાં જોડાયેલા તમામ સ્ત્રોતનો સરવાળો કરીએ તો બીજા ૨૦૦ કરોડનો ખર્ચ ગણી શકાય તેમ છે. પાર્ટીઓના ખર્ચનો આંકડો પણ તેટલો જ થાય તેમ છે. સમગ્ર ભારતમાં ચૂંટણી ખર્ચ ૩૦,૦૦૦ કરોડનો અંદાજવામાં આવ્યો છે..

**મોદી પછી ગુજરાતમાં સીએમ કોણ બનશે...**

ધૂળેટીનો તહેવાર પૂર્ણ થયો છે ત્યારે ભાજપના ગુજરાતના ૨૬ ઉમેદવારોની જાહેરાત થવાની તૈયારી છે. સૌથી વધુ ઈન્તેજારી પાર્ટીના સિનિયર લિડર લાલકૃષ્ણ અડવાણીને છે, તેમની ગાંધીનગર બેઠક જાહેર થવાની છે. પબ્લિક માટેની હોળી હવે પૂરી થઈ છે અને રાજકીય હોળી-ધૂળેટીનો તહેવાર શરૂ થયો છે. સચિવાલય હાલ શાંત છે. કોઈ નવી ચહલ-પહલ જોવા મળતી નથી. આ સ્થિતિ આગામી બે મહિના સુધી જોવા મળશે. બ્યુરોક્રેસી તો મોદીને પીએમ તરીકે જોઈ રહી છે...

સચિવાલયમાં એક ઁ હંમેશા સતાવી રહ્યો છે. મોદી જો -ઈમ મિનિસ્ટર બની જાય તો ગુજરાતમાં ચીફ મિનિસ્ટર કોણ બને...? !! -ધાનોના ૮૦ ટકા પીએ-પીએસ એવું માને છે કે -થમ નંબરે આનંદીબેન પટેલ અને બીજા નંબરે અમિત શાહ આવે છે, કારણ કે આ બન્ને નેતાઓ લોકસભાની ચૂંટણી લડવાના નથી. ગુજરાતને ધોમધખતા તડકામાં નવા સીએમ મળશે તેનો સચિવાલયને આનંદ છે...

**મોદી માટે કહેવાય... ઓ છોરા ગંગા કિનારે વાલા...**

કહેવાય છે કે નદી એ લોકમાતા છે. મોદી માટે આ લોકમાતાઓ ફળી છે. પહેલાં સાબરમતી અને હવે ગંગા નદીના કિનારે મોદીનો પડાવ છે. જી, હા..મોદી લોકસભાની ચૂંટણી બનારસ-વારાણસીથી લડવાના છે. કહેવાય છે કે આ બેઠક એ ભાજપનો ગઢ માનવામાં આવે છે. કટ્ટર હિન્દુવાદી મતદારો આ સંસદીય ક્ષેત્રમાં હોવાથી છેલ્લી છ ચૂંટણી પૈકી પાંચ ચૂંટણીમાં ભાજપને સફળતા મળી છે... વડનગરની જેમ બનારસ પણ -ાચિન નગરી છે. એક મોદીનું વતન છે અને બીજું સંસદીય ભૂમિ બનવા જઈ રહ્યું છે. કાશીના ધાર્મિક મહત્વના કારણે ગુજરાતમાં કહેવત છે કે સુરતનું જમણ અને કાશીનું મરણ...

## સંસારની સૌથી પુરાણી નગરી 'કાશી'માં મોદીના કદમ પડ્યા

આ સંસારની સૌથી પુરાણી નગરીમાં મોદીએ કદમ રાખ્યા છે. કાશીનું માહાત્મ્ય એટલું છે કે સૌથી મોટા પુરાણ સ્કન્દ મહાપુરાણમાં કાશીખંડ આલેખવામાં આવ્યો છે. ઁજેને ભૂતળ પર હોવા છતાં પણ પૃથ્વી સાથે સબંધ નથી, જેને જગતની સીમાઓ સાથે બંધાયેલ હોવા છતાં પણ સૌનું બંધન કાપવાવાળી-મોક્ષદાયિની છે, જે મહા ત્રિલોકપાવની ગંગા નદીના તટ પર સુશોભિત થતા દેવતાઓ વડે સુસેવિત છે, ત્રિપુરારિ ભગવાન વિશ્વનાથની રાજધાની એવી કાશી સંપૂર્ણ જગતની રક્ષા કરે છેઁ.

**કોંગ્રેસ માટે ૧૦ સીટ જીતવી મુશ્કેલ નથી...**

ગુજરાત કોંગ્રેસની જૂથબંધી દૂર થાય, ઉત્તમ અને જીતી શકે તેવા ઉમેદવારો મૂકવામાં આવે અને સમગ્ર પાર્ટી ચૂંટણી લડતા ઉમેદવારને પડખે ઉભી રહે તો કોંગ્રેસ માટે આ રાજયમાં આઠ થી દસ બેઠકો મેળવવી મુશ્કેલ નથી. યુનિવર્સિટીની એક નાનકડી ચૂંટણીમાં એનએસયુઆઈએ સારો દેખાવ કર્યો તો કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અમદાવાદ દોડી આવ્યા અને યુવા કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા, તેમની સાથે પર્સનલ ચર્ચાઓ પણ કરી...વિચાર કરો, આ સ્થિતિ લોકસભાની ચૂંટણીમાં ઉભી થાય તો રાહુલ ગાંધી વારંવાર ગુજરાત આવી શકે છે...

## ચૂંટણી પંચે ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા બાંધી, પાર્ટીની નહી

શું આ શક્ય છે...? !! કોંગ્રેસ વર્ષો જૂની પાર્ટી છે તેનો ઈન્કાર નહી, પરંતુ પાર્ટી સમય -માણે તેની નિતી-રિતીમાં પરિવર્તન ના કરે તો લોકો ઉખાડીને ફેંકી દેતા હોય છે. કોંગ્રેસ આ ગુજરાતમાં જૂનવાણી પાર્ટી બની રહી છે. માણેકચોકના બજારમાં બેઠેલો એક શેઠીયો તેના વ્યવસાયનો જે રીતે વહીવટ કરે છે તેવું કોંગ્રેસનું છે, જયારે ભાજપનું કલ્ચર મોલ કલ્ચર બની ચૂક્યું છે. મોર્ડન પાર્ટીના રૂપમાં ઉભરી છે. મોદીના આવ્યા પછી પાર્ટીએ સોશ્યલ સાઈટ્સ વધારે મજબૂત બનાવી છે. કોંગ્રેસ પાસે મશીનરી હોવા છતાં આવું કેમ કરી શકતી નથી, તે એક સવાલ છે. -દેશ કોંગ્રેસના આંગળીના વેઢે ગણી શકાય તેટલા નેતાઓ ફેસબુક, ટ્વિટર અને વોટ્સઅપ માં જોવા મળે છે. લાગે છે કે કોંગ્રેસને યુવાનોના મત જોઈતા નથી...

**મિડલ ક્લાસના ઘરમાં જઇને જુઓ...**

જનતાને ભ્રષ્ટાચારની કોઈ અસર નથી, કેમ કે ડગલે ને પગલે જનતા ભ્રષ્ટાચારનો સામનો કરી રહી છે. જનતાને તો કેવળ મોંઘવારી ગમતી નથી. પેટ્રોલ ૭૫ કે ૮૦ રૂપિયે લીટર મોંઘું પડે છે. દાળ-ચોખાના ભાવ પોષાતા નથી. જીવન જરૂરી ચીજો માટે બે છેડા ભેગા કરવા કઠીન પડતા હોય ત્યાં સરકારી ટેક્સનું ભારણ આવી પડે તો દેવું કરવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી..મિડલ ક્લાસ અને હાયર મિડલ ક્લાસના ઘરમાં જઈને નેતાઓ જુએ તો ખબર પડે કે આટલા પગારમાં પરિવાર કેવી રીતે ચાલે છે..

ડિઝલ એ જીવનનું અંગ બની ચૂક્યું છે. સરકારો ડિઝલ ઉપર જેટલો ભાવવધારો કરે તેનો સીધો ભાર સામાન્ય લોકો ઉપર પડે છે. ટેક્સ ઉપરથી સેસ, અને તેની ઉપર એકસ્ટ્રા સેસ જેવાં નાટકો કરીને નેતાઓ અને તેમની સરકાર લોકોને લૂંટી રહી છે. આ ભાર કઠીન પડે છે. વોટ માગવા જતા નેતાઓએ પરિવારમાં જઈને આર્થિક બજેટનો હિસાબ માગવો જોઈએ, તો ખબર પડશે કે જીવન કેવી રીતે જીવાય છે..!! એક પરિવાર હોટલમાં જમવા જાય અને તેનું બીલ ૫૦૦ રૂપિયા હોય તો ૫૦ રૂપિયા તો ટેક્સમાં જતા રહે છે. કપડાં લેવા જાવ, કોઈપણ ખરીદી કરવા જાવ, હવે તો બેન્કો પણ વિવિધ -કારના ટેક્સ વસૂલ કરે છે... -જાથી આ સહન થતું નથી...

**નેશનલ પાર્ટીઓની સંખ્યા ઘટીને છ થઇ છે...**

ભારતમાં ૧૯૫૧??? સૌ પહેલી લોકસભાની ચૂંટણી યોજવામાં આવી ત્યારે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પાર્ટીઓની સંખ્યા માત્ર ૧૪ હતી જેમાં કોંગ્રેસનો દબદબો હતો. અધર સ્ટેટ પાર્ટીઓની સંખ્યા પણ ૩૮ હતી. કુલ મળીને દેશમાં ૫૩ પાર્ટીઓ તેમના ઉમેદવારો ઉભા રાખતી હતી. પહેલી ચૂંટણીમાં માત્ર ૫૪ અપક્ષો મેદાનમાં હતા. તે સમયે લોકસભાની ૪૮૯ બેઠકો હતી. આજે ભારતના ચૂંટણી પંચમાં છ નેશનલ પાર્ટીઓ, ૫૪ સ્ટેટ પાર્ટીઓ તેમજ ૧૫૬૩ અનઓર્ગેનાઈઝડ પાર્ટીઓ નોંધાયેલી છે. છ મુખ્ય પાર્ટીઓમાં બહુજન સમાજ પાર્ટી, ભારતીય જનતા પાર્ટી, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા, કોમ્યુનિસ્ટ પાર્ટી માર્કસિસ્ટ, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ અને નેશનલ કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે. અહી એ યાદ આપવું પડે કે ગુજરાતમાં એમજેપી અને જીપીપી નામની બે પાર્ટીનો અકાળે અસ્ત થયો છે...

૨૦૦૯?? છેલ્લી ચૂંટણીમાં સાત નેશનલ પાર્ટી, ૩૪ સ્ટેટ પાર્ટી અને ૨૪૨ સજીસ્ટર્ડ પાર્ટી સહિત કુલ ૩૬૩ પાર્ટીઓ મેદાનમાં હતી. ચૂંટણી પંચના કઠોર પગલાં અને પાર્ટીઓ તરફથી જરૂરી ડોક્યુમેન્ટેશન તેમજ નિયમો નહી પળાતા આજે નેશનલ પાર્ટીની સંખ્યા ઘટીને માત્ર છ થઈ છે. પાર્ટી ઉપરાંત હજારોની સંખ્યામાં અપક્ષો પણ મેદાનમાં હોય છે તેથી ચૂંટણી પંચને અલગ અલગ સિમ્બોલ આપવા પડે છે. ૨૦૧૪??? આમ આદમી પાર્ટીનું ઝાડુ મહત્વનો સિમ્બોલ બની રહ્યું છે, જે સમગ્ર દેશમાં આજે ફરી રહ્યું છે....

**એક કપ ચાય ની કિંમત ૮૫૦૦ રૂપિયા !!!**

ગુજરાતમાં જ નહી આજકાલ દેશભરમાં ચાય ની ચર્ચાએ જોર પકડ્યું છે. કોંગ્રેસના મણિશંકર ઐયર જેવા નેતાઓને કારણ નરેન્દ્ર મોદી આજેઁ ચાય પે ચર્ચા નો ચોરો ખોલીને બેઠા છે. દેશના શહેરોમાં ચા ની કિટલીવાળા ઉપર તરાપ પડી છે. લોકો ચા પીવે છે અને રાજકીય ચર્ચા કરે છે. આવી ચર્ચા પહેલાં પાનના ગલ્લે થતી હતી, ૨૦૧૪??? તે કિટલી ઉપર જોવા મળે છે. મોદી માટે સમગ્ર દેશ પીએમ...પીએમ... કરે છે ત્યારે કોંગ્રેસના નેતાઓને ચા નો સ્વાદ કડવો લાગી રહ્યો છે. જો કોંગ્રેસ ફરીથી સત્તા ઉપર આવશે તો ચા ની કિટલીવાળાઓએ સરકારમાં ટેક્સ ભરવો પડશે એ વાત તો નક્કી જ છે...!!

આ તો થઈ રાજકીય ચા ની વાત, પરંતુ ચાઈનાનો એક -ાંત ચેન્ગડુ છે. ત્યાના એક વેપારી દુનિયાની સૌથી મોંઘી ચા વેચે છે. પાન્ડા ચા ના બેનર હેઠળ ચીનના આ વેપારીએ ૫૦૦ ગ્રામ ચા ની કિંમત ૧૭ લાખ રૂપિયા રાખી છે એટલે કે એક કપ ચા પીવી હોય તો ૮૫૦૦ રૂપિયા ચૂકવવા પડે... કહે છે કે પાન્ડાની વિષ્ટાથી બનેલી આ ચા એન્ટી કેન્સરનો ગુણધર્મ ધરાવે છે... ભાઈ, ચીનના આ વેપારીને કહો કે ભારતમાં તેની પાન્ડા ચા નું વેચાણ કરે, કારણ કે ભારતમાં ચા નું માર્કેટ કોંગ્રેસના પાપે હાલ હોટ ફેવરીટ બની ચૂક્યું છે. હવે મોદીની તસવીરોવાળા થર્મોકોલના ચાય કપ બજારમાં નિકળ્યા છે...

## 'ચાય પે ચર્ચા'ના મુદ્દાએ કોંગ્રેસ માટે ચાય કડવી બનાવી દીધી

**હવે તો રાજકીય નેતાઓની નકલ થાય છે...**

ભારતમાં હલે ફિલ્મસ્ટારોની નહી, નેતાઓની નકલ થવા લાગી છે. નકલ જેની થાય છે તેવા નેતાઓના લિસ્ટમાં નરેન્દ્ર મોદી ટોપ ઉપર છે. તેમના જેવો પહેરવેશ, તેમના જેવી દાઢી, તેમના જેવા ચશ્મા, તેમના જેવા જૂતાં, તેમના જેવા માસ્ક, તેમના જેવી વાણી... બધું જ કોપી થાય છે... તો બિહારમાં લાલુ-સાદની જેમ નિતીશકુમાર પણ ન્યિ છે. ઉત્તર -દેશમાં માયાવતીના ચાહકો છે, તામિલનાડુમાં જયલલીથાના ચાહકો છે, તો મુલાયમનાઁ મખમલી તો ન કહેવાય, તોફાની ચાહકો જોવા મળે છે. દિલ્હીના લોકન્યિ આંદોલન પછી અન્ના હજારે અનેઁ આપ ના અરવિંદ કેજરીવાલ પણ આ લિસ્ટમાં સામેલ છે....

રાજેન્દ્રકુમાર અને દિલીપકુમારનો જમાનો હતો ત્યારે તેમની નકલ થતી હતી. પછી રાજેશખન્નાની જેમ લવફિવર દેશભરમાં ફેલાયો હતો. અમિતાભ બચ્ચન જેવી -તિભાઓ દેશભરમાં ફુટી નિકળી હતી. એગ્રી યંગમેનના રોલમાં તમને -ત્યેક શહેરમાં આજે પણ અમિતાભ બચ્ચનના આશિક જોવા મળે. તેમના પછી શાહરૂખ ખાન આવ્યો છે, હવે તેની નકલ થઈ રહી છે. હાલ તો સોશ્યલ મિડીયામાં માત્ર નરેન્દ્ર મોદી અને કેજરીવાલ છવાયેલા છે, બીજી તરફ કોંગ્રેસના યુવા સુન્મિો રાહુલ ગાંધી બધાં નેતાઓ વચ્ચે શાંત લાગે છે.

**ભાજપમાં અડવાણી-અટલ યુગ સમાપ્ત...!!**

ભારતની મુખ્ય પાર્ટી ભાજપમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીનો એક જમાનો હતો. પાર્ટીમાં તેમનો પડ્યો બોલ ઝિલાતો હતો. આજે અટલ બિહારી પથારીવશ છે અને અડવાણીનો કોઈ ભાવ પૂછાતો નથી. ખુદ ઈલેકશનની ટીકીટ માટે તેમને પાર્ટીમાં સિફારીશ કરવી પડે છે. ભાજપના બીજા એક નેતા મુરલી મનોહર જોષી છે, જે સિનિયર મોસ્ટ છે. આ ત્રણેય નેતાઓની પાર્ટીમાં પક્કડ હતી. આજે આ સ્થાન નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને અરૂણ જેટલીએ લીધું છે...વાજપેયીની ભત્રીજી કરૂણા શુક્લાએ જ કહ્યું છે કેઁહવે ભાજપમાં વાજપેયી-અડવાણીનો યુગ આથમી ચૂક્યો છેઁ. ૬૩ વર્ષિય કરૂણા વાજપેયીના મોટાભાઈના પુત્રી છે અને હાલ બિલાસપુરથી કોંગ્રેસના ઉમેદવાર છે.